JRD HC



<u>ખૂબજ અગત્યનું</u>

ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૮/૯૬૨૧-૨૧૯૦
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૨૦/૦૬/૨૦૧૮

પ્રતિ,
– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
– જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..
– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..

વિષયઃ– રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભઃ–શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃ હ–૨/સ્કો/૨૦૧૭/૧૬૦૭–૨૧૩૯

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

જે ઉકત ઠરાવ પર આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરો કરીને અમલ માટે આપશ્રીઓને અગાઉ મોકલી આપવામાં આવેલ છે. જે સદર કચેરીના પોર્ટલ " **egyan.org.in** " પર પણ મૂકવામાં આવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી શાળા તથા કોલેજોના વિધાર્થીઓ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડતી યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરોપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે ઓન લાઈન પોર્ટલ શરૂ કરેલ છે. જેનું એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જેનો અમલ સને.૨૦૧૭–૧૮ના વર્ષથી કરવામાં આવેલ છે.

<u>આ પોર્ટલ આગામી માસમાં ઓપન કરવામાં આવશે અને માત્ર ઓન લાઈન અરજીઓ જ મંગાવવામાં આવનાર છે</u>, જે દરમ્યાન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના તાબા હેઠળની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ તેમજ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે તાબાની સંસ્થાઓમાં પરિપત્ર કરીને તેમજ સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

JRD HC

સદર લાભ ડીબીટી હેઠળ આપવાના હોવાથી આપની તમામ શાળા/કોલેજો/યુનિવર્સિટીના વિધાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવાની તથા આધાર સાથે સીડીંગ કરાવવવાની કામગીરી પૂર્ણ કરાવી લેવાની રહેશે.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

ક્માંકઃ–માવિ.૪/પરીપત્ર/૨૦૧૮/ ૨૮૨૭૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ:૨૫/૬/૨૦૧૮

૨/–નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.

Scanned by CamScanner

Scanned by CamScanner